



## હાર્દિકના સમર્થનમાં ઉપવાસ આંદોલન

અનામતની અને ખેડૂતના પ્રશ્નો અંગેની માંગને લઈને પાટીદાર અનામત આંદોલન સમિતિના પ્રણેતા હાર્દિક પટેલે તેના નિવાસસ્થાને જ આમરણાંત ઉપવાસ આંદોલન છેડયું છે ત્યારે હજારોની સંખ્યામાં તેના સમર્થકો ઉમટી રહ્યા છે. ઉપવાસ આંદોલનનો પાંચમો દિવસ થઈ ગયો છે ત્યારે હાર્દિક પટેલના સમર્થકો પોતપોતાના ગામોમાં ઉપવાસ આંદોલન કરીને હાર્દિકના સમર્થન આપી રહ્યા છે. ગાંધીનગર જિલ્લામાં પણ છેલ્લા બે દિવસથી અલગ-અલગ ગ્રામ્ય વિસ્તારોમાં પાટીદારો અને ખેડૂતો ઉપવાસ કરી રહ્યા છે. ગઈકાલે જાખોરા ગામમાં ઉપવાસ આંદોલન થયા બાદ આજે માણસા અને ચંદ્રાલા ગામમાં ખેડૂતો અને પાટીદારો દ્વારા એકત્ર થઈને ઉપવાસ આંદોલન છેડવામાં આવ્યુ હતુ.

## વાતવાતમાં

● પેથાપુર-રાંધેજા માર્ગ પર આવેલી મોદી સમાજની વાડીમાં બુધવારથી કોંગ્રેસ શાસિત પંચાયતોના પદાધિકારીઓની બે દિવસીય તાલિમ શિબિરનો આરંભ થયો છે. આ તાલિમ શિબિરના ઉદ્દઘાટન સમારોહમાં ડાયસ પર બેસવાની વાતને લઈ જિલ્લા પ્રમુખે કેટલાક આગેવાનો સામે નારાજગી વ્યક્ત કરી હોવાની વાતો બહાર આવી છે.

● ગાંધીનગર જિલ્લાના દહેગામ અને માણસા પંથકમાં બુધવારે હળવા વરસાદના ઝાપટા પડતાં ખેડૂતોમાં આનંદની લાગણી જોવા મળી હતી.

● ગાંધીનગર જિલ્લા પંચાયતની વિવિધ સમિતિઓની રચના અંગે ગુરૂવારે બપોર પછી કવાયત હાથ ધરાશે તેવી વાતોએ રાજકીય ગરમાવો પકડ્યો છે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




તને મારા જીવનનાં અનુભવ પરથી એક સાચી વાત કહું છું... ટાઢી સાતમ કરતો નહીં... આઠમનાં દિવસે ઝાડા થઈ જાય છે..!!

# બહુમાળી ભવનનું લિકેજ થતું પાણી રોગચાળો નોંતરશે..!!!

### છેલ્લાં કેટલાય સમયથી લિકેજના કારણે લીલ બાઝવા સાથે ગંદા પાણીનું ખાબોચિયું ભરાય છે : મનપા, તાલુકા પંચાયત સહિત કચેરીઓના કર્મચારીઓ-મુલાકાતીઓના આરોગ્ય પર તોળાતો ખતરો

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગરના સેક્ટર-૧૧ ખાતેના બહુમાળી ભવન જ્યાં મહાનગરપાલિકા સહિત અનેક સરકારી ઓફિસો કાર્યરત છે ત્યાં જ પાણીની પાઈપમાં લિકેજના કારણે ગંદકી ઉપરાંત રોગજન્ય જીવાણુઓના ઉપદ્રવનો ખતરો પેદા થવા પામ્યો છે. છેલ્લાં કેટલાક સમયથી આ પરિસ્થિતિ જોવા મળી રહી હોવા છતાં આ અંગે જવાબદાર તંત્રની બેદરકારી સ્પષ્ટ જણાઈ આવે છે.

બહુમાળી ભવનમાં ગાંધીનગરની મહાનગરપાલિકા બેસે છે. આ ઉપરાંત આધારકાર્ડ કેન્દ્ર, તોલમાપ કેચરી ઉપરાંત ગુજકોસ્ટ સહિતની અનેક ઓફિસો અને તાલુકા પંચાયત પણ આ ભવનમાં કાર્યરત છે. જેના કારણે અહીં દિવસ દરમ્યાન મુલાકાતીઓનો ખૂબ ધસારો રહે છે. બહુમાળી ભવનના કેન્ટિન તરફના પ્રવેશદ્વાર પાસેના ખૂણામાં પાણી તેમજ ડ્રેનેજ લાઈન સહિતની પાઈપો આવેલી છે. જેમાંથી પાણીની પાઈપલાઈનમાં ઘણા સમયથી લિકેજ છે. આ લિકેજના કારણે અહીં લીલ પણ ખૂબ બાઝી જવા પામી છે તેમજ કાયમ આ સ્થળે ગંદા પાણીનું ખાબોચિયું ભરાયેલું જોવા મળે છે. આ ખાબોચિયામાં રોગજન્ય જીવાણુઓ જેવા કે માખી, મચ્છર વગેરેનો ઉપદ્રવ પણ જોવા મળી રહ્યો છે. જેના કારણે અહીં આવતા નિયમિત કર્મચારીઓ ઉપરાંત અસંખ્ય મુલાકાતીઓ માટે હાલની વાહકજન્ય રોગચાળાની ઋતુ હોવાથી આરોગ્ય બાબતે ગંભીર ખતરો તોળાઈ રહ્યો છે. આ સંજોગોમાં સત્વરે લિકેજ પાઈપની મરામત કરાય અને સ્વચ્છતા જાળવણી માટે યોગ્ય પગલાં લેવાય તે આવશ્યક બનવા પામ્યું છે.



## નિરમા યુનિવર્સિટીનો ૧૪મો સ્થાપના દિન ઉજવાશે

ગાંધીનગર નજીક એસજી હાઈવે સ્થિત નિરમા યુનિવર્સિટીનો ૧૪મો સ્થાપના દિન તા. ૬ઠ્ઠી સપ્ટેમ્બરના રોજ ઉજવાશે. આ પ્રસંગે ભારતના જાણીતા વૈજ્ઞાનિક પ્રો. ડૉ. પદમનાભન બલરામ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને સંબોધન કરશે.

નિરમા યુનિવર્સિટીના ૧૪મા સ્થાપના દિન નિમિત્તે પ્રો. ડૉ. પદમનાભન બલરામ દ્વારા કેમિકલ કોમ્યુનિકેશન ઈન બાયોલોજી-ધ ઈમર્જન્સી ઓફ કેમિકલ ઈકોલોજી વિષયે વકતવ્ય રજૂ કરાશે. આ પ્રસંગે નિરમા યુનિ.ના ડાયરેકટર જનરલ ડૉ. અનુપસિંઘ પ્રસંગોચિત ઉદબોધન કરશે.

## જીવનમાં સફળતા કાયમ રહેતી નથી : પૂ. સુનીલસાગરજી મહારાજ

"સફળતા અને અસફળતાઓની બે ધારાઓ વચ્ચે માણસની જિંદગી પસાર થતી હોય છે. અસફળ મનુષ્ય ગમે ત્યારે પુરુષાર્થ કરીને ધારેલી સિદ્ધિ



મેળવી શકે છે જયારે સફળ વ્યક્તિને કોઈ પણ વ્યક્તિ તેમનો રેકોર્ડ તોડી ગમે ત્યારે તેમના સ્થાનેથી નીચે ખસેડી શકે છે એટલે સફળતા પણ કાયમ માટે રહેતી નથી. તો માણસ ગુમાન શાનો કરે છે ? શા માટે લોભ, લાલચ, માયાચારી આચરે છે ?" પ્રાકૃતાચાર્ય આચાર્ય પૂ. સુનીલ સાગરજી મહારાજે આજ સવારના પ્રવચનમાં સિખામણ આપતા કહ્યું કે જીવનમાં ના તો સફળતા કાયમી છે અને ના અસફળતા તો સફળતા ઉપર અભિમાન કરવું અને અસફળતા ઉપર નિરાશ થવું યોગ્ય નથી.

આજે આ કહેવત સાચી ઠરે છે કે - સફલતા કી ઊંચાઈ પર હો તો ધૈર્ય રખના, વરના પક્ષિયોં કો ભી પતા હૈ, આકાશ મેં ઠહરને કી જગહ નહીં હોતી. છતાંય વ્યક્તિઓ સફળતા માટે જાત જાતના ન કરવા યોગ્ય કાર્ય, કાવતરા કરતા હોય છે, એના માટે છલ કપટ આચરતા હોય છે. ગુરુદેવ આગળ કહે છે વસ્તુઓમાં હિંસા હોતી નથી પણ વસ્તુ પાછળ રહેલી આસક્તિમાં હિંસા છે જેના લીધે ભાવ વિકૃતિ થતી હોય છે. એવી વસ્તુઓ હિંસાનો નિમિત્ત અને આયતન બને છે તેથી જ તે વસ્તુએ ત્યાગ કરવા યોગ્ય ગણાય છે. વસ્તુ પ્રત્યે મમત્વ રાખવાથી તત્સંબંધી હિંસાનો દોષ લાગી જાય છે. દાખલા તરીકે કાપડ આદિ હિંસાદિક વસ્તુઓ નથી પણ તેનો અતિરેક, સંગ્રહ તેના પ્રત્યેની આસક્તિ પાપબંધનો કારણ છે. જ્યાં સુધી શક્ય હોય ત્યાં સુધી પ્રમાદ છોડીને અને વિવેક ધારણ કરીને મક્કમતાથી એવી વસ્તુઓનો ત્યાગ કરી દેવો જોઈએ જે હિંસાદિ પાપનો અનાયતન બને છે, પરિણામોમાં વિકૃતિ પૈદા કરે છે અને જેના થકી આગમની અવમાનના થાય છે.

# પાટનગર યોજનાએ સે. ૧૩ની ઝૂંપડપટ્ટીને સાત દિવસમાં ખાલી કરવા નોટીસ ફટકારી

### ધારાસભ્ય, કાઉન્સીલરો અને કોંગી આગેવાનો સાથે કલેક્ટરને મળી ઉગ્ર વિરોધ કરી વૈકલ્પિક જગ્યાની માંગ કરી

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર શહેરમાં સે. ૧૩ તેમજ ગોકુલપુરા સામેની ઝૂંપડપટ્ટી વિસ્તારને સાત દિવસમાં ખાલી કરવાની માર્ગ-મકાન વિભાગ દ્વારા અપાયેલ નોટીસનો આજે ઉગ્ર વિરોધ કરવા ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડા, કાઉન્સીલરો ચીમનભાઈ વિંઝુડા, જીતુભાઈ રાયકા, પૂર્વ કાઉન્સીલર અશ્વિનભાઈ વ્યાસ, કોંગી અગ્રણી રજનીભાઈ પટેલ, વિરેન્દ્રસિંહ વાઘેલા સહિતનું એક પ્રતિનિધિમંડળ જિલ્લા કલેક્ટરને મળવા પહોંચ્યુ હતુ.

આ આગેવાનોએ વૈકલ્પિક વ્યવસ્થા આપવાની ઉગ્ર માંગ કરી હતી તેમજ જે ૨૮૦૦ ઝૂંપડાઓનો સર્વે થયો છે તેમને તાત્કાલિક વૈકલ્પિક જગ્યા ફાળવી આપવા પણ જણાવ્યુ હતુ.

આ પ્રતિનિધિમંડળે તંત્ર દ્વારા આડેધડ કરાતા સિલીંગને મુદ્દે અને વેપારીઓને થઈ રહેલી પરેશાની બાબતે પણ રજુઆત કરી હતી.

પાટનગર યોજના દ્વારા આવી નોટીસ અપાઈ હોવાનું તેમની જાણમાં ન હોવાનો જિલ્લા કલેક્ટરે એકરાર કર્યો હતો.

ચોમાસાની સિઝન દરમ્યાન સામાન્યતઃ આવાસો દૂર કરવાની કામગીરી કરાતી નથી આમ છતાંય તેઓ આ બાબતે તપાસની જરૂરી કાર્યવાહી જરૂર કરશે. તેમણે જણાવ્યુ હતુ કે વૈકલ્પિક જગ્યા ફાળવવા બાબતે તંત્ર દ્વારા કાર્યવાહી ચાલી રહી હોવાની હૈયાધારણ પણ કલેક્ટરે આપી હતી.

ગાંધીનગર શહેરમાં પહેલીવાર દબાણ હટાવવાની ઝુંબેશમાં પાટનગર યોજનાએ પણ ઝુકાવતાં તંત્રમાં પણ આશ્ચર્ય થયુ છે તેમજ આ મુદ્દો ટોક ઓફ ધી ટાઉન બન્યો છે.

## ચંદ્રાલા ગામના પાટીદારો દ્વારા હાર્દિકના સમર્થનમાં પ્રતીક ઉપવાસ

ચિલોડા, તા. ૨૯

પાટીદાર અનામત આંદોલન સમિતિના કન્વીનર હાર્દિક પટેલના અમદાવાદમાં ઉપવાસને લઈને રાજ્યભરની પોલીસને એલર્ટ કરવામાં આવી રહી છે. ઘણા જિલ્લાઓમાં કલમ ૧૪૪ પણ લગાવવામાં આવી છે. પાટીદારો કાર્યકરો યુવાનો દ્વારા હાર્દિક પટેલના સમર્થનને ટેકો આપવા માટે તાજેતરમાં સાંસદના દત્તક જાખોરા ગામે સમર્થનરૂપે પ્રતિક ઉપવાસ કર્યા હતા.

ગાંધીનગર પૂર્વ વિસ્તારમાં મુખ્યત્વે જાખોરા, ચિલોડા, ચંદ્રાલા ગામોમાં પાટીદારોની વસ્તી વધારે છે. ત્યારે હાર્દિક પટેલ દ્વારા અમદાવાદમાં પાટીદાર અનામત, ખેડૂતોને દેવા માફી, ખેડૂતોને અન્યાય



મુદ્દે શરૂ કરવામાં આવેલા આમરણાંત ઉપવાસમાં પ્રતિકાત્મકરૂપે જાખોરા ગામના પાટીદારો પ્રતિક ઉપવાસ પર બેઠા હતા. ત્યારે ચિલોડા-હિંમતનગર હાઈવે-૮ પર આવેલું મોખરાનું ગામ ચંદ્રાલા રામજી મંદિર ખાતે હાર્દિક પટેલના સમર્થનમાં પ્રતિક ઉપવાસ સવારે ૮.૩૦ થી ૫ વાગ્યા સુધીનું આયોજન કરવામાં આવ્યું હોવાનું ગામના પાટીદાર અગ્રણી જયંતિભાઈ જે. પટેલે જણાવ્યું હતું.

આ પ્રતિક ઉપવાસ કાર્યક્રમમાં ચંદ્રાલા ગામના સ્થાનિક પાટીદાર આગેવાનો સહિત ૩૦૦ પાટીદાર કાર્યકરો યુવાનો હવે આર યા પાર લડીશું તો જીતીશુના જયઘોષ સાથે વિજય સંકલ્પ આમરણાંત ઉપવાસ કાર્યક્રમને મજબૂત બનાવવા કટીબદ્ધતા વ્યક્ત કરી હતી. આ પાટીદાર યુવાનોએ માથે જય સરદાર જય પાટીદારની સફેદ ટોફી તથા ગળામાં વાદળી કલરનો ખેસ ધારણ કરી પ્રતિક ઉપવામાં જોડાવવા દરેક ગામમાં પાટીદાર યુવાનો કાર્યકરને સફળ બનાવવા હાંકલ કરી છે.

# વાવોલમાં દુકાનનું શટર તોડી ઘરફોડ ચોરીનો પ્રયાસ

### વહેલી સવારે બાઇક પર આવેલા બે શખ્સોએ શટર ઊંચું કરી નાખ્યું પરંતુ અંદરનું કાચનું કેબિન તોડી ન શકતા પ્રયાસ નિષ્ફળ : ચોરોએ શટર તોડતા પહેલા સીસીટીવી કેમેરા ઊંચા કરી દીધા

ગાંધીનગર, તા. ૨૯

શહેરના ક-રોડ ઉપર આવેલા વાવોલ ગામના પેટ્રોલ પંપ પાછળ કોમર્શિયલ કોમ્પ્લેક્સમાં સ્થિત એક ડેરીને ગઈકાલે વહેલી સવારે તસ્કર ટોળકીએ નિશાન બનાવી હતી. ડેરીમાં ચોરી કરવા આવેલા બે શખ્સો બાઈક લઈને મોં પર રૂમાલ બાંધીને આવ્યા હોવાનું સીસીટીવી કેમેરામાં કેદ થઇ ગયું છે. તસ્કરોએ ડેરીનુ શટર તોડી નાખ્યુ હતુ પરંતુ શટરની અંદર કાચનું કેબીન હતું તેને તોડવામાં નિષ્ફળતા મળતા તસ્કરોને ફેરો માથે પડ્યો હતો. ડેરીમાંથી કાંઈ ગયું ન હોવાથી પોલીસ ફરિયાદ કરવાનું ટાળ્યું છે. નોંધનીય બાબત એ છે કે અગાઉ પણ વાવોલની કેટલીક દુકાનોમાં ચોરી થયેલી છે તે પૈકી જે દુકાનના સીસીટીવી ફૂટેજ મળ્યા હતા તેમાં પણ બાઈક પર બે શખ્સો આવ્યા હતા. આ તે જ ગેંગ હોય તેવી શક્યતા છે.



વાવોલના એચ પી પેટ્રોલ પંપ પાછળ આવેલા કોમર્શિયલ કોમ્પ્લેક્સમાં ગઈકાલે વહેલી સવારે બાઈક પર આવેલા બે તસ્કરોએ ભગત ડેરીનુ શટર અને લોક તોડ્યું હતું. ડેરીના સંચાલક ભાર્ગવભાઈ પ્રજાપતિના જણાવ્યા મુજબ તેમની ડેરીમાં સીસીટીવી કેમેરા પણ છે. વહેલી સવારે બાઈક ઉપર બે શખ્સો મોં પર રૂમાલ બાંધીને આવતા સીસી ટીવી કેમેરામાં કેદ થયેલા છે.

સવારે પાંચેક વાગ્યાની આસપાસ આ બન્ને શખ્સો આવ્યા હતા અને ડેરીનુ શટર તોડી તે પહેલા સીસીટીવી કેમેરા ઉપર કરી દીધા હતા. ત્યારબાદ તસ્કરોએ ડેરીના શટરનું લોક તોડી નાખ્યું અને શટર પણ ઊંચું કરી દીધું હતું. જો કે ડેરીના શટરની અંદર કાચનું લોક વાળું પાર્ટેશન છે. આ કાચનું પાર્ટેશન તોડવાનો પણ પ્રયત્ન કરવામાં આવ્યો પરંતુ તેમાં તસ્કરોની સફળતા મળી ન હતી. આખરે બંને શખ્સો ડેરીમાં ચોરી કરવામાં નિષ્ફળ રહ્યા હતા અને ત્યાંથી પરત ફરી ગયા હતા. ડેરી સંચાલકના જણાવ્યા મુજબ દુકાનમાંથી કાંઈ ગયું ન હોવાથી તેમણે પોલીસ ફરિયાદ કરવાનું ટાળ્યું છે.

## સરઢવમાં ગણેશ મહોત્સવનું રજતજયંતિ વર્ષ ઉજવાશે

ગાંધીનગર, તા. ૨૯

શ્રી સાર્વજનિક ગણેશ મહોત્સવ મંડળ તથા સમસ્ત ગ્રામજનો સરઢવ તરફથી તા. ૧૩મી સપ્ટેમ્બરના રોજ સવારે સાત વાગે શોભાયાત્રા ચંદુભાઈ બબલદાસના નિવાસસ્થાનેથી પ્રારંભ થશે. બપોરે હાટકેશ્વર મહાદેવમાં ગણેશ સ્થાપન થશે.

તા. ૧૩મી સપ્ટેમ્બરથી તા. ૨૩મી સપ્ટેમ્બર અનંત ચૌદશ સુધી ૨ દિવસે ગણપતિયાન જુદા જુદા યજમાનશ્રીઓ દ્વારા યોજાશે. તથા રાત્રે જુદા જુદા કલાકારો દ્વારા ધાર્મિક કાર્યક્રમ યોજાશે. આ રાત્રી કાર્યક્રમ માંડવીચોક, ઉગમણી ભાગોળે યોજાશે.

ગણપતિની મુખ્ય મુર્તિના દાતા ચંદુભાઈ બબલદાસ પટેલ તરફથી દાન મળેલ છે.

અંબાજી પગપાળા સેવારથ શોભાયાત્રા તા. ૧૯મી સપ્ટેમ્બરે રાત્રે યોજાશે. વારાહી પ્રગતીમંડળ સરઢવ વારાહી ચોકમાં દબદબાપૂર્વક શોભાયાત્રાનું સ્વાગત કરશે. મુકેશ પટેલ, વિષ્ણુભાઈ પટેલ, અરવિંદભાઈ પટેલ, કમલેશભાઈ પટેલ દ્વારા કાર્યક્રમની સફળતા માટે પ્રયત્નો શરૂ કરેલ છે. જેનો સંપર્ક સાધવા જણાવેલ છે.

સમગ્ર કાર્યક્રમનું પુર્ણાહુતિ વિસર્જન તા. ૨૩મી સપ્ટેમ્બરે યોજાશે.

## ગુજરાતમાં હજુય ભારે વરસાદની ચેતવણી

ઉત્તર ગુજરાતમાં ભારે વરસાદ જારી રહ્યો છે. ઉત્તર ગુજરાતના જુદા જુદા જિલ્લાઓમાં તથા દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારમાં હળવો વરસાદ પડ્યો છે. મહેસાણા, દહેગામ, અરવલ્લી, સાબરકાંઠા સહિતના વિસ્તરોમાં ઉલ્લેખનીય વરસાદ થયો છે. બીજીબાજુ દક્ષિણ ગુજરાત ઉપર અપર એર સાયક્લોનિક સરક્યુલેશનની સ્થિતિ પ્રવર્તી રહી છે. સૌરાષ્ટ્ર અને કચ્છના કેટલાક ભાગોમાં હળવો વરસાદ આજે પણ જારી રહ્યો હતો. અપર એયર સાયક્લોનિક સરક્યુલેશનની સ્થિતિ દક્ષિણ રાજસ્થાન ઉપર બનેલી છે. જેના લીધે વરસાદ થઈ રહ્યો છે. હવામાન વિભાગ તરફથી હજુ પણ ભારે વરસાદ પડવાની ચેતવણી જારી કરાઈ છે. દાહોદ, પંચમહાલ, છોટાઉદેપુર, નવસારીમાં ભારે વરસાદ થઈ શકે છે. આ ઉપરાંત સૌરાષ્ટ્રમાં પણ વરસાદ પડી શકે છે. જેમાં ભાવનગર અને અમરેલીનો સમાવેશ થાય છે. મહિસાગર, દાહોદ, અરવલી, વલસાડમાં પણ કેટલીક જગ્યાઓએ ભારે વરસાદ થઈ શકે છે.

**નામ બદલેલ છે**

મારું નામ દાતણિયા સુરેન્દ્ર કેશવલાલ હતું તે બદલીને નવું નામ દત્તા સુરેન્દ્ર કેશવલાલ કરેલ છે.
લી.
દત્તા સુરેન્દ્ર કેશવલાલ
૧૦૧/૨, સેક્ટર-૪/એ,
ગાંધીનગર

**નામ બદલેલ છે**

મારું નામ દાતણિયા જ્યોતિ સુરેન્દ્રભાઈ હતું તે બદલીને નવું નામ દત્તા જ્યોતિ સુરેન્દ્રભાઈ કરેલ છે.
લી.
દત્તા જ્યોતિ સુરેન્દ્રભાઈ
૧૦૧/૨, સેક્ટર-૪/એ,
ગાંધીનગર

ડી-સેગ, બ્લોક નં. ૮/૨, નવા સચિવાલય, ગાંધીનગરની કચેરી માટે કોમ્પ્યુટર - ડેસ્કટોપ, લેપટોપ, પ્રિન્ટર્સ, સોફ્ટવેર અને તેને સંલગ્ન સેવાઓ અને સુવિધા મેળવવા માટે વાર્ષિક ભાવ કરાર કરવાના થાય છે. જેથી રસ ધરાવતી એજન્સીઓએ ઉપરોક્ત ઉલ્લેખિત કચેરી ખાતેથી ફોર્મ રૂબરૂમાં અથવા અત્રેની કચેરીની વેબસાઈટ www.dsag.gujarat.gov.in પરથી મેળવી શકશે અને ભાવો બંધ કવરમાં કચેરી સમયે તા. ૫/૯/૨૦૧૮ સુધીમાં મોકલવાના રહેશે.
સહી/-
મુખ્ય કારોબારી અધિકારી
ડિ-સેગ, ગાંધીનગર
માહિતી/૧૩૮૮/૧૮-૧૯

**જાહેર સુચના**

**પાટનગર યોજના વિભાગ નં.૧, ગાંધીનગર**

ગુજરાત રાજ્યના રાજ્યપાલ વતી કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના વિભાગ નં.૧, 'બી' બ્લોક, પહેલો માળ, પાટનગર યોજના ભવન, સેક્ટર નં.૧૬, ગાંધીનગર-૩૮૨૦૧૬ (ફોન નં. ૨૩૨૫૯૨૫૫)ના કચેરીએથી ગાંધીનગર શહેરમાં (૧) સેક્ટર નં.૧૧માં 'ચ-૩' પાસેનું ખૂણા પરનું મેદાન, (૨) સેક્ટર નં.૧૧ શાલીન કોમ્પ્લેક્ષ સામેનું મેદાન, (૩) સેક્ટર નં. ૬/ડી, ખાતેનું પેટ્રોલ પંપ પાસેની ખુલ્લી સરકારી જમીન નવરાત્રિ મહોત્સવ-૨૦૧૮ માટે સરકારશ્રી નક્કી કરે તે મુજબના નિયત ભાડાથી ટુંકી મુદત માટે ભાડેથી આપવા માટે ગાંધીનગરમાં નોંધાયેલ અને રહેતા રસ ધરાવતી સંસ્થાઓ / અરજદારો પાસેથી તા. ૬/૯/૨૦૧૮ સુધીમાં અત્રેની કચેરીએ મળી જાય તે રીતે રજી.પો.એ.ડી.થી અરજીઓ મંગાવવામાં આવે છે. સદર અરજીના કવર પર જે સ્થળની જમીન માંગવામાં આવેલ હોય તેનું 'સેક્ટર નં. ......................ના મેદાનની નવરાત્રિ મહોત્સવ-૨૦૧૮ની અરજી' એમ સ્પષ્ટપણે દર્શાવવાનું રહેશે. શક્ય હશે તો આવેલ અરજીઓ તા. ૭/૯/૨૦૧૮ના રોજ બપોરના ૧૨:૦૦ કલાકે હાજર રહેલ અરજી કરનાર સંસ્થા / વ્યક્તિના અધિકૃત પ્રતિનિધિની હાજરીમાં અત્રેની કચેરી ખાતે ખોલવામાં આવશે. એક જ સ્થળ માટે એક કરતા વધુ અરજીઓ આવશે તો તે જ દિવસે બપોરના ૧૨:૩૦ કલાકે જ ડ્રો પણ કરવામાં આવશે.

અરજદાર સંસ્થા / વ્યક્તિએ બાનાની રકમ રૂ. ૨૫૦૦૦/- (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પુરા)ની કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના વિભાગ નં.૧, ગાંધીનગરના નામની રાષ્ટ્રીય બેંકની એફ.ડી.આર. અરજી સાથે અચૂક સામેલ કરવાની રહેશે. બાનાની રકમ (એફ.ડી.આર.) સિવાયની અરજી ડ્રો / ફાળવણી માટે ધ્યાને લેવામાં આવશે નહીં. જે વ્યક્તિ / સંસ્થાની માંગણી ગ્રાહ્ય રાખવામાં આવશે. તેની બાનાની રકમ તરીકે આપેલ રૂ. ૨૫૦૦૦.૦૦ એફડીઆર જામીન અનામતમાં રૂપાંતરિત થશે અને અત્રે જમા રાખવામાં આવશે.

ઉપર દર્શાવેલ સ્થળનો વિસ્તાર તેમજ નિયમોની વિગતો કચેરીના નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવેલ છે. એક વ્યક્તિ / સંસ્થા તમામ સ્થળ માટે અરજી કરી શકશે પરંતુ ફાળવણી એક જ સ્થળની કરવામાં આવશે અને ડ્રોમાં એક કરતાં વધુ સ્થળ લાગશે તો ગમે તે એક જ સ્થળની પસંદગી કરી તુરત જ લેખિત સંમતિપત્ર આપવાનો રહેશે.

તો રસ ધરાવતા ગાંધીનગર શહેરના અરજદારો / સંસ્થાઓએ કચેરીના ચાલુ કામકાજના દિવસોએ કચેરી સમય દરમિયાન રૂબરૂમાં સંપર્ક કરવા વિનંતી.
માહિતી/૧૩૮૯/૧૮-૧૯